સંદેશ

WEDNESDAY, 26.10.2016

# આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડા ૪થી નવેમ્બરે મુંબઈમાં નૅશનલ ઑરલ હેલ્થકૅર સુશ્રૂતા એવોર્ડ એનાયત કરશે



મુંબઈ : આરોગ્ય અને પરિવાર કલ્યાણ કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા નૅશનલ ઑરલ હેલ્થકૅર સુશ્રુતા એવોર્ડ્સ એનાયત કરશે. મુંબઈના વિલે પાર્લેમાં હોટેલ સહારા સ્ટાર ખાતે ૪થી નવેમ્બર, ૨૦૧૬ના રોજ મુખના આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરનાર સંબંધિત ક્ષેત્રોના નાગરિકોનું તેમને હસ્તે સન્માન કરાશે. ધર્માદા સંસ્થા આઈડીએ ફાઉન્ડેશન દ્વારા ઈન્ડિયન ડેન્ટલ એસોસિયેશન (આઈડીએ)નાં શૈક્ષણિક અને માનવતાવાદી કાર્યોને બિરદાવવા માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

આઈડીએના માનદ મહામંત્રી ડૉ. અશોક ઢોબળેએ જણાવ્યું હતું કે, ધ નૅશનલ ઑરલ હેલ્થકૅર સુશ્રુતા એવોર્ડ્સ પ્રસ્તુત કરીને આઈડીએ મુખના આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટનાં સર્વોચ્ચ ધોરણોને સન્માનિત કરે છે. આને કારણે અન્ય વ્યાવસાયિકોને પણ નવી ઊંચાઈ સર કરવા અને વ્યાવસાયિક બૌદ્ધિકતા, ક્રિયાત્મક અને નૈતિક મૂલ્ય પ્રણાલીઓને પ્રોત્સાહન આપવા માટે વધુ સક્રિય રીતે યોગદાન આપવા માટે પ્રોત્સાહન મળશે.

ગયા વર્ષે અમારા પ્રથમ નૅશનલ ઓરલ હેલ્થકેર સુશ્રુતા એવોર્ડસ મુખના આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારને ભારતરત્ન સ્વ. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ દ્વારા પ્રસ્તુત કરાયા હતા.

૧૯૪૬ સ્થાપિત આઈડીએ ભારતમાં દંત વ્યાવસાયિકોની સૌથી વિશાળ સન્માનિત સંસ્થા છે. આઈડીએની રાષ્ટ્રભરમાં હાજરી છે અને તે દેશભરની ૪૫૦ સ્થાનિક શાખા, ૭ કેન્દ્રીય શાસિત પ્રદેશો અને ૨૯ રાજ્યમાં કામ કરે છે. તેનો ધ્યેય દેશમાં મુખનું આરોગ્ય મહત્તમ ઉત્તમ બનાવવા સાથે પોતાના સભ્યોની વ્યાવસાયિક પ્રગતિને પ્રોત્સાહન આપવાનો છે. આઈડીએ પ્રતિષ્ઠિત વૈશ્વિક સંગઠનો સાથે સંલગ્નિત છે, જેમાં ફેડરેશન ઑફ ડેન્ટેર ઈન્ટરનેશનલ (એફડીઆઈ કે વર્લ્ડ ડેન્ટલ ફેડરેશન, કોમનવેલ્થ ડેન્ટલ એસોસિયેશન (સીડીએ) અને ઈન્ટરનેશનલ એસોસિયેશન ફોર ડેન્ટલ રિસર્ચ (આઈએડીઆર)નો સમાવેશ થાય છે. આઈડીએ મુખના આરોગ્યનું મહત્ત્વ જાણે છે અને તેથી ૨૦૨૦ સુધી દરેક ભારતીય માટે મુખનું આરોગ્ય મહત્તમ ઉત્તમ બનાવવાનું લક્ષ્ય રાખીને કામ કરે છે.